| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 218 | Define clear timelines mandated through legislation for approval of complete application | Yes | |

http://commercialtax.gujarat.gov.in/vatwebsite/download/Circular%20about%20Provisional%20Registration%20within%2024%20hours_17062015.pdf



ક્રમાંક: ગુજકા/વેટ-૫/૧૫-૧૬/જા.૧૬૭

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી,
(કાયદાશાખા)
ગુજરાત રાજય,
એ/૫, રાજય કર ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

તારીખ : ૩ / ૬ / ૨૦૧૫

# ખાતાકીય પરિપત્ર

વિષય: નવા નોંધણી નંબર આપવા બાબત

સંદર્ભ: ૧) નાણાં વિભાગનું જાહેરનામું ક્રમાંક :(જીએચએન-૪૧) વીએઆર-૨૦૧૧(૩૨)/ઠ તા.૧/૧૨/૨૦૧૧

૨) વહીવટ શાખાનો ખાતાકીય પરિપત્ર ક્રમાંક : જા.૧૨૫૬ તા.૧/૧૨/૨૦૧૧

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ વેપારી વર્ગને ઝડપથી નોંધણી નંબર મળી શકે તે હેતુથી ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો,૨૦૦૬ ના નિયમ-૫ માં નાણાં વિભાગના સંદર્ભ ક્રમાંક-(૧) હેઠળના જાહેરનામાં દ્વારા જરૂરી સુધારા કરવામાં આવેલ. અને તા.૧/૧૨/૨૦૧૧ થી નોંધણી નંબર આપવા માટે અનુસરવાની પદ્ધતિ સંદર્ભ ક્રમાંક-(૨) હેઠળના ખાતાકીય પરિપત્ર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ હતી.

નોંધણી નંબર આપવા અંગેની ઉકત જોગવાઇ મુજબ વેપારીના કેસમાં નિયત કરેલ પુરાવાની પ્રમાણિત નકલો, નિયત કરેલ જામીનગીરીની રકમના ચલન અને જો ડીપોઝીટની રકમ ભરવાની થતી હોય તો તેના ચલન રજુ

થયેલ હોય તો અરજીની તારીખથી કામકાજના ત્રણ દિવસોમાં કામચલાઉ નોંધણી નંબર આપવામાં આવે છે.

રાજયના વેપારી વર્ગને વેપાર કરવામાં સરળતા રહે તે માટે તેમજ નોંધણી પ્રક્રિયા વધુ પારદર્શી બને તે માટે સૂચના આપવામાં આવે છે કે નોંધણી નંબર મેળવવા માટે નિયમ-૫ હેઠળ દર્શાવેલ તમામ જરૂરીયાતોના સબંધમાં અરજી સંપૂર્ણ (અરજી સાથે મળેલ જરૂરી પુરાવાઓની ખરાઇ અને ધંધાના સ્થળની ચકાસણી સહિત) જણાયેથી કામકાજના ૨૪ કલાકની અંદર નોંધણી પ્રમાણપત્ર ઇસ્યુ કરવાના રહેશે.

આ પરિપત્રની સબંધિત સર્વે અધિકારીઓએ નોંધ લઇ આપેલ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહી/-
(પી.ડી.વાઘેલા)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

કલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

- નાયબ સચિવશ્રી (કર) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
- વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદને
- ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદને
- અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, અમદાવાદને
- સધળા અધિક / સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી તરફ
- સધળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી તરફ
- સધળી વાણિજ્યિક વેરા કચેરી તરફ
- દસ નકલ મહામાત્ર તાલીમ શાળાને
- દસ નકલ દફતર શાખાને
- દસ નકલ જન સંપર્ક શાખાને

૧૧.આ કચેરીની સધળી શાખાઓને
૧૨.એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ

( આર.બી.મંકોડી )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ